aglasem.com

FOR CBSE CLASS 10 PREPARATION

# CBSE Class 10 Sample Paper 2027 Solution (Marking Scheme) for Gujarati

| EXAM | YEAR | TYPE | SUBJECT |
|---|---|---|---|
| CBSE Class 10 | 2027 | Solutions | Gujarati |

# Gujarati (Code No. 010)
# Marking Scheme
# Class: X (2026-27)

**Code No. 010**

| નોટ | NOTE |
|---|---|
| ➢ આ પ્રશ્નપત્રને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે.<br>➢ વિભાગ અ – વસ્તુનિષ્ઠ પ્રશ્નો (MCQ) તેમજ ટૂંકા પ્રશ્નો પુછવામાં આવ્યા છે.<br>➢ પ્રશ્ન 1,2,3,4,5 ના દરેક ઉત્તર માટે 1-1 અંક નિર્ધારિત છે.<br>➢ કુલ ગુણ -3૪ | ➢ This Question paper is divided in two parts.<br>➢ Part A - Objective type questions. (MCQ) and very short question.<br>➢ Q.1, Q.2, Q.3, Q.4, Q.5 are of 1 mark each.<br>➢ Total Marks - 34 |
| ➢ વિભાગ બ – વર્ણનાત્મક પ્રશ્નો.<br>➢ આપેલી સૂચના પ્રમાણે આ વિભાગના પ્રશ્નોત્તર લખવાના રહેશે.<br>➢ લેખન કાર્યમાં આવતા પત્રલેખનના પ્રશ્નમાં જો પ્રેષકનું નામ આપવામાં આવ્યું ન હોય તો જવાબમાં પત્ર લખતી વખતે વિદ્યાર્થીએ પોતાનું નામ સરનામું કે પોતાની અને કોઇપણ શહેરની આગવી ઓળખ આપવી નહિ. જો પ્રશ્ન પત્રમાં પ્રેષક અને પ્રતિનું નામ જણાવ્યું હોય તો જ તેનો ઉલ્લેખ પત્રલેખનમાં કરવો.<br>➢ કુલ ગુણ-૪૬ | ➢ Part B - Subjective, Descriptive questions.<br>➢ As per the instructions given, the questions and answers of this section have to be written.<br>➢ Do not mention your identity or the place you reside in the answer to this letter writing question. In case name or address is mentioned in the question, you will have to use the same in your answer.<br>➢ Total Marks = 46 |
| ➢ પૂર્ણ પ્રશ્ન પત્ર – ૮૦ ગુણ | ➢ Question paper- 80 Marks. |
| ➢ પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અચૂક લખવો. | ➢ Please write down the serial number of the question before attempting it. |
| | |

# ગુજરાતી
## ધોરણ-X (010)

**સમય** – 3 **કલાક** **કુલ ગુણ** -80

Time: 3 hrs. M.M.- 80

PART A (34)

(Advanced Reading Skill)

**પ્રશ્ન**-1 **નીચેનો ગદ્યખંડ વાંચી**, **તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો**. (5×1=5)

પ્રકૃતિની વિવિધતા અપાર છે. એમાં નિશારાણી આપણા માટે સોનેરી શમણાની ભેટ લઈને આવે છે. રાત્રિના રૂપ રંગ જુદા જુદા હોય છે. પૂર્ણ ચંદ્રની પૂનમની રાતના ખૂબ ગુણગાન ગવાયાં છે. સામાન્ય રીતે આપણને પૂનમની રાત ખૂબ ગમતી હોય છે. કવિઓ પૂનમની રાતનું વર્ણન કરતા થાકતા નથી. તેમ છતાં કુદરતે અમાસની રાત પણ સાથે બનાવી છે. કુદરતના રહસ્યને કોણ માપી શકે ? બધી જ રાતો પૂનમની હોય તો એનું મૂલ્ય રહે ખરું ? અમાસની અંધારી રાત છે તેથી જ પૂનમની અજવાળી રાતનું મહત્વ છે. અમાસની અંધારી રાત પણ પ્રકૃતિની અદ્ભુત ભેટ છે. અમાસની કાજળઘેરી રાતે આકાશમાં તારાઓની મહેફિલ જામે છે. તારા મંડળો જુદા જુદા આકારો ધારણ કરીને અંધારી રાતે આકાશની શોભા વધારે છે. સ્થિર પ્રકાશ ફેલાવતા ગ્રહોનું તેજ આંખોને ઠારે છે. કોઈ શ્યામ રંગની સ્ત્રીએ આભલા ભરેલી સાડી પહેરી હોય એવી અંધારી રાત દીપી ઊઠે છે. અંધારી રાતે આકાશગંગા અને નિહારીકાના તેજ વધુ પ્રભાવશાળી લાગે છે. આકાશમાં ચંદ્રનું ક્યાંય નામ નિશાન હોતું નથી. પૃથ્વી પર ચોમેર અંધકારનું સામ્રાજ્ય છવાઈ જાય છે. અંધારી રાતે તારલિયાના પ્રકાશમાં વનની વાટે પ્રવાસ કરતા વટેમાર્ગુઓને ભયમિશ્રિત રોમાંચનો અનુભવ થાય છે.

**પ્રશ્નો**:- (I) નિશારાણી આપણા માટે શું લઈને આવે છે? - (A) શમણાની ભેટ

(II) કોનાં ખૂબ ગુણગાન ગવાયાં છે? - (B) પૂનમની રાતના

(III) પૂનમ – નો વિરોધી શબ્દ લખો. - (C) અમાસ

(IV) અંધારી રાતે શું પ્રભાવશાળી લાગે છે? - (D) નિહારીકાના તેજ

(V) વટેમાર્ગુઓને શું થાય છે?- (D) ભયમિશ્રિત રોમાંચ

**પ્રશ્ન**-2 **નીચેનો ગદ્યખંડ વાંચી**, **તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય જવાબ લખો**. (5×1=5)

પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ આ પાંચ તત્ત્વો વડે પ્રકૃતિ બનેલી છે. મનુષ્ય અને તેની આસપાસનું સમગ્ર જગત પ્રકૃતિની દેન છે. માનવ જીવન પણ મોટાભાગે પ્રકૃતિ પર આધારિત છે અને પ્રકૃતિને આધીન પણ છે. તેથી મનુષ્ય અને પ્રકૃતિ એકબીજાથી અભિન્ન છે. આપણું જીવન આદિકાળથી પ્રકૃતિની સાથે વણાયેલું રહ્યું છે. પ્રકૃતિ જીવનભર આપણો સાથ નિભાવે છે. આપણું

જીવન સંપૂર્ણપણે પ્રકૃતિ પર નિર્ભર હોવા છતાં આપણે તેની સંભાળ રાખતા નથી. આપણી બેદરકારીને લીધે હવા, પાણી અને અવાજનું પ્રદૂષણ વધી રહયું છે. તેથી પ્રકૃતિનું સંતુલન ખોરવાઈ ગયું છે. આથી ગ્લોબલ વોર્મિંગ નું પ્રમાણ સતત વધી રહ્યું છે. ગ્લોબલ વોર્મિંગના કારણે ધ્રુવ પ્રદેશો પરનો બરફ ઝડપથી ઓગળી રહ્યો છે અને સમુદ્રોની સપાટીમાં ભયજનક હદે વધારો થઈ રહ્યો છે. સમુદ્ર કિનારા પર વસેલા તમામ મોટા નગરો એક દિવસ સમુદ્રમાં સમાઇ જશે એવો ભય ઊભો થયો છે. વિકાસને નામે આપણે શહેરીકરણ પાછળ આંધળી દોટ મૂકી છે. વાહનો, ઉદ્યોગો અને સુખ સગવડના સાધનોને લીધે હવામાં ધુમાડો અને કાર્બનની માત્રા દિવસે દિવસે વધતી જાય છે. ઉદ્યોગો અને શહેરોના વિકાસ માટે ખેતરો અને જંગલોનો બેફામ ભોગ લેવાઈ રહ્યો છે. એનાથી પ્રાકૃતિક સંતુલન ખોરવાઈ ગયું છે. તેને લીધે અતિવૃષ્ટિ અને ભૂકંપ, સુનામી જેવી કુદરતી આફતોનું પ્રમાણ અને તીવ્રતામાં પ્રચંડ વધારો થયો છે.

**પ્રશ્નો**:- (I) પ્રકૃતિના પાંચ તત્ત્વો કયા છે?

જવાબ) પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ પ્રકૃતિના પાંચ તત્ત્વો છે.

(II) મનુષ્ય અને પ્રકૃતિ કેમ અભિન્ન છે?

જવાબ) માનવજીવન મોટાભાગે પ્રકૃતિ પર આધારિત છે અને પ્રકૃતિને આધીન પણ છે તેથી મનુષ્ય અને પ્રકૃતિ અભિન્ન છે.

(III) ગ્લોબલ વોર્મિંગ નું પ્રમાણ કેમ વધી રહ્યું છે?

જવાબ) હવા, પાણી અને અવાજનું પ્રદૂષણ વધી રહયું છે તેથી ગ્લોબલ વોર્મિંગનું પ્રમાણ વધી રહ્યું છે

(IV) 'ઝડપથી'નો વિરોધી લખો?

જવાબ) ધીમેથી.

(V) કાર્બનની માત્રા શા માટે વધે છે?

જવાબ) વાહનો, ઉદ્યોગો અને સુખ સગવડના સાધનોને લીધે કાર્બનની માત્રા વધે છે.

**(Literature)**

**પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં જવાબ લખો. (ગમે તે ચાર)** (4×1=4)

(I) મીરાંબાઈના પદો શેનાં માટે જાણીતાં છે?

B) સંતહ્રદયની સંવેદનાની તીવ્રતા અને ભાષાની સાદગી માટે

(II) 'જીવન અંજલિ થાજો' કાવ્યના કવિનું ઉપનામ જણાવો.

જવાબ) (C) વૈશંપાયન

(III) 'જીવમાં જીવ આવ્યો' કાવ્યનો સાહિત્યપ્રકાર જણાવો.

જવાબ) (A)સોનેટ

(IV) 'હાથ મેળવીએ' કાવ્ય કવિના કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે?

(A)છંદોલય

(V) 'દીવાનખાનામાં' કાવ્યની નાયિકા કઈ જગ્યાએ વસ્તુઓ વ્યવસ્થિત કરી રહી છે?

જવાબ) (A) દીવાનખાના"માં વસ્તુઓ વ્યવસ્થિત કરી રહી છે.

(VI) કેવો માણસ કદી ફૂલાતો નથી? - (D) પૂર્ણતાવાળો

‘

**પ્રશ્ન-4 નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં જવાબ લખો. (ગમે તે ચાર)** (4×1=4)

(I) ગવરી કોની દીકરી હતી?

જવાબ) ગવરી ભૂધર મેરાઈની દીકરી હતી.

(II) ‘સૂરજ તો બધે જ સરખો’ પાઠ લેખકના કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે?

જવાબ) ‘સૂરજ તો બધે જ સરખો’ પાઠ લેખકના “વગેરે,વગેરે,વગેરે..” નામના પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે.

(III) ‘નથી’ પાઠમાં કાન્તિ ઘેર આવતો ત્યારે બા શું કરતી?

જવાબ) ‘નથી’ પાઠમાં કાન્તિ ઘેર આવતો ત્યારે બા દુ:ખણાં/ઓવારણાં લેતી.

(IV) જેઠીબાઈનું મૂળ વતન કયું હતું?

જવાબ) જેઠીબાઈનું મૂળ વતન કચ્છ-માંડવી હતું.

(IV) ‘ટિફિન’ કૃતિમાં ગાય માટે કયો શબ્દ પ્રયોજાયો છે?

જવાબ) ‘ટિફિન’ કૃતિમાં ગાય માટે ‘ગોરવી’ શબ્દ પ્રયોજાયો છે.

(VI) ‘પ્રાણનો મિત્ર’ પાઠના અનુવાદકનું નામ જણાવો.

જવાબ) ‘પ્રાણનો મિત્ર’ પાઠના અનુવાદકનું નામ પ્રસાદ બ્રહ્મભટ્ટ છે.

(Applied Grammar)

**પ્રશ્ન-5 નીચેના રૂઢિપ્રયોગના સાચા અર્થ શોધીને લખો.** (4×1=4)

(I) ‘પગ ભારે થઈ જવા’ - રૂઢિપ્રયોગનો અર્થ લખો. - (B) સંકોચ થવો

(II) લાગી આવવું - આ અર્થનો રૂઢિપ્રયોગ લખો. - (C) દુ:ખ થવું

(III) આંગળાં કરડવાં -રૂઢિપ્રયોગનો અર્થ લખો. (C) સ્વાદિષ્ટ હોવું

(IV) સૂર્ય તપવો - રૂઢિપ્રયોગનો અર્થ લખો. - (B) પ્રગતિના શિખર પર હોવું

(V) મરણ પામવું – આ અર્થનો રૂઢિપ્રયોગ લખો. - (B) દીપક હોલવાઈ જવો.

**પ્રશ્ન-6 નીચે આપેલા શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો.**

(I) કાયમ મુસાફરી કરનાર - (B) ચિર પથિક

(II) છોકરાં છૈયાંવાળું - (A) બચરવાળું

(III) જાણેલું / જાણમાં આવેલું - (A) વિદિત

(IV) સમયની મર્યાદા ન હોય તેવું. - (D) અનંત

(V) જ્યાં આજુ બાજુ વૃક્ષો વાવેલાં હોય તેવી ગલી. - (B) કુંજગલી

**પ્રશ્ન-7 સૂચના મુજબ કરો.** (4×1=4)

(I)સમાનાર્થી શબ્દ લખો. - (A) પ્રકાશ

(II) નીચેનાંમાંથી કયું જોડકું સમાનાર્થી શબ્દની રીતે યોગ્ય છે તે લખો. - (A) કીર્તિ - નામના

(III) ‘જણ’નો સમાનાર્થી શબ્દ લખો. (C) માણસ

(IV) વિરોધી શબ્દ શોધો: યશ - (B) અપયશ

(V) નીચેના વિરોધી જોડકાંમાંથી ક્યું જોડકું ઉચિત નથી? - (C) ઈલા × ધરા

**પ્રશ્ન-8 સૂચના પ્રમાણે જવાબ આપો.** (4×1=4)

(I) અનુગ ઓળખો: 'દુનિયામાં રહેવું હોય તો ધૂળનો પણ ખપ પડે.' - (C) માં

(II) અનુગ ઓળખો: હનુમાનજીએ પોતાની શકિતથી સમુદ્ર પાર કર્યો. - (B) થી

(III) નામયોગી ઓળખો: પગ પર ફૂલની માફક આંસુ પડતાં હતાં. - (B) માફક

(IV) કયું વાક્ય ભાષાકીય રીતે સાચું છે? - (B) મારો મિત્ર આવ્યો છે.

(V) કયું વાક્ય ભાષાકીય રીતે સાચું છે? - (A) મહેનત કરો તો ફળ મળે.

(46)

## PART B
**(Literature)**

પ્રશ્ન-9 નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. (ગમે તે પાંચ ) (5×1=5)

વંટોળાતી પવન - ડમરી થૈ ઠરીઠામ અંતે,
ઝીણાં ફોરાં ઝરમર ઝર્યાં, જીવમાં જીવ આવ્યો.
હાંફી હાંફી વ્યથિત સઘળાં નીડ ઝૂલ્યાં હવામાં,
આછા હેલે, પરણ પરણે ઊજળો રંગ કાઢ્યો.
તાતા તાપે ખદખદી રહ્યો રાફડો સાવ ધીરે-
ધીરે ચાલ્યો થડ પર ભીનાં ઝીણી લંગાર લૈને.
સોને-રૂપે જડિત તડકો ક્યાંક આછો ઢળ્યો, ને
ફૂટ્યું ફૂટ્યું ફરફર થતું રૂપ ખીલ્યું ધરાનું.
ટ્હોકી ઊઠ્યો તરત વગડો, સીમ સોણે ગઈ ત્યાં,
ગાણે-ગાણે હરખ ઊઘલ્યો, ઘૂઘવ્યાં પૂર આઘાં!
ક્યાંથી મ્હોર્યાં સ્મરણ નમણાં, ભાંભર્યાં દૂધ ક્યાંથી,
ક્યાંથી આવ્યાં – મનભર મળ્યાં લોક કાચી ઘડીમાં!
આઘે-ઓરે, અડખે-પડખે એનું એ સૌ છતાંયે,
ફોરાં જ્યાં બે ઝરમર ઝર્યાં, જીવમાં જીવ આવ્યો!

**પ્રશ્નો**:- (I) વરસાદ વરસવાથી પર્ણો પર શી અસર થઈ?

જવાબ) વરસાદ વરસવાથી પર્ણો ઊજળાં થયાં.

(II) થડ પર શેની લંગાર હતી?

જવાબ) થડ પર કીડીઓની લંગાર હતી.

(III) તાતા તાપથી શું થયું હતું?

જવાબ) તાતા તાપથી રાફડો ખદખદી રહ્યો હતો.

(IV) ફોરાં ઝરમર વરસ્યાં ત્યારે પવન-ડમરીનું શું થયું?

જવાબ) ફોરાં ઝરમર વરસ્યાં ત્યારે પવન-ડમરી ઠરીઠામ થઇ ગઈ.

(V) 'જીવમાં જીવ આવ્યો' આવ્યો એટલે શું?

જવાબ) 'જીવમાં જીવ આવ્યો' એટલે હાશ થવી, નિરાંત થવી, ભય જતાં સ્થિરતા અનુભવવી.

(VI) વરસાદ વરસવાથી પંખીઓના માળા પર શી અસર થઈ?

જવાબ) વરસાદ વરસવાથી પંખીઓના માળા હવામાં ઝૂલવા લાગ્યાં.

**પ્રશ્ન-10 નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. (ગમે તે બે)** (2×2=4

(I) 'મોરલી' કાવ્યને આધારે ભગવાન શ્રી કૃષ્ણની વેશભૂષાનું વર્ણન કરો.

જવાબ) ભગવાન શ્રી કૃષ્ણએ પીળું પીતાંબર અને જરકસી જામો પહેર્યા છે. કૃષ્ણને કાંડે કુંડળ, માથે મુગટ અને મુખે મોરલી છે. તેમને માથે પીળો પટકો શોભે છે. ભગવાન શ્રી કૃષ્ણનો આ શણગાર સૌને પ્રિય છે.

(II) 'દીવાનખાનામાં' કાવ્યના અંતે નાયિકા કેવો મનોભાવ અનુભવે છે?

જવાબ) 'દીવાનખાનામાં' કાવ્યના અંતે નાયિકા એકલતાની વેદના અનુભવે છે. દીવાનખાનું વસ્તુઓથી સુશોભિત છે, પણ તે નાયિકાની એકલતાની વ્યથા દૂર કરી શકે તેમ નથી.

(III) 'તે બેસે અહીં' કાવ્યમાં કવિ દાનનો મહિમા કયા ઉદાહરણ દ્વારા સમજાવે છે?

જવાબ) 'તે બેસે અહીં' કાવ્યમાં કવિ દાનનો મહિમા કીડિયારાના ઉદાહરણ દ્વારા સમજાવે છે. કીડિયારુંપૂરવામાં વ્યક્તિને કોઈ સ્વાર્થ હોતો નથી. તેમજ તેની બીજાને જાણ થતી નથી. આમાં ગુપ્તદાનનો મહિમા છે. એક હાથે કરેલા દાનની બીજા હાથને પણ જાણ થવી જોઈએ નહિ.

(IV) બીજા દુહામાં 'પૂર્ણ ઘડા' દ્વારા કવિ શું કહેવા માગે છે?

જવાબ) બીજા દુહામાં 'પૂર્ણ ઘડા' દ્વારા કવિ કહેવા માગે છે કે 'જે વ્યક્તિ પૂર્ણતા પામ્યો હોય છે, જેનામાસંપૂર્ણ જ્ઞાન હોય છે તે કદી ફૂલાતો નથી, ઘમંડ કરતો નથી. તેને પોતાના જ્ઞાન-વૈભવનું જરાય અભિમાન હોતું નથી.

નોંધ :- (વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

**પ્રશ્ન.11 નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો. (ગમે તે એક)** (1×3=3)

(I) 'જીવન અંજલિ થાજો' કૃતિના વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને શીર્ષકની સાર્થકતા સ્પષ્ટ કરો.

જવાબ) 'જીવન અંજલિ થાજો' એ એક સુંદર પ્રાર્થનાકાવ્ય છે. આ કાવ્યમાં કવિ પોતાનું જીવન અન્યને ઉપયોગી બને, અંજલિરૂપ બને તેવી ભાવના વ્યક્ત કરે છે. કવિની કોઈ મહેચ્છા નથી. જીવનપથ પર ચાલતાં રસ્તામાં કોઈ ભૂખ્યાં આવે તો તેઓને ભોજન, કોઈ તરસ્યાં આવે તો તેઓને પાણી અને કોઈ દીન-દુ:ખિયાં આવે તો એમનાં આંસુ લુછાય,એમને આશ્વાસન અપાય તેવી કવિની ઇચ્છા છે. સત્યને માર્ગે ચાલનાર પર પુષ્પ બની પથરાવું, વિકટ પરિસ્થિતિમાં પણ શ્રદ્ધાનો દીપક જલતો રાખવો એમાં કવિની નિ:સ્વાર્થ સેવા અને શ્રદ્ધાની ઝાંખી થાય છે.

(II) 'હાથ મેળવીએ' કાવ્યમાં ધન, સત્તા અને કીર્તિને ગૌણ કેમ માનવામાં આવ્યા છે?

જવાબ) 'હાથ મેળવીએ' કાવ્યના કવિએ હાથને હૃદયભાવનું પ્રતીક બનાવીને વર્ણવ્યો છે. કવિને પરિચિત-અપરિચિત સૌનો મૈત્રીપૂર્ણ હાથ જોઈએ છે. આ હાથમાં કેટલુંય ધન, સત્તા, કીર્તિ હોય, પરંતુ કવિને તેની સાથે કોઈ લેવાદેવા નથી. કવિને તો બીજાના હૃદય સુધી પહોંચવું છે. દરેક સાથે મૈત્રી

કેળવવી છે. કવિ સૌને નિ:સ્વાર્થભાવે મળવા માગે છે. તેથી કવિ ધન, સત્તા અને કીર્તિને ગૌણ માનવાનું કહે છે.

(III) 'તે બેસે અહીં' ગઝલમાં કવિ કેવા વ્યક્તિને સભામાં સ્થાન આપવા યોગ્ય માને છે? સમજાવો.

જવાબ) 'તે બેસે અહીં' ગઝલમાં કવિ જે વ્યક્તિ સંવેદનશીલ છે એટલે કે બીજાના દુ:ખે દુ:ખી થાય છે અને એનું દુ:ખ દૂર કરે છે તેવા વ્યક્તિને સભામાં સ્થાન આપવા યોગ્ય માને છે. વળી, જે પ્રગતિના શિખરે પહોંચીને પણ નમ્ર રહે છે, અભિમાન કરતો નથી, જે કીડિયારું પૂરે છે, જે ગુપ્તદાન કરે છે, જે આત્મનીરિક્ષણ કરે છે અને પ્રામાણિક છે તે તમામને સભામાં માનભર્યું સ્થાન આપવા યોગ્ય માને છે.

નોંધ :- (વિષયવસ્તુ – ૨.૫, જોડણી, ભાષાશુધ્ધિ-૦.૫)

**પ્રશ્ન.12 નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (ગમે તે છ) (6×1=6)**

વ્રત લીધું ને બીજે દિવસે ભાઈને દારૂ પીવા જવાની ઇચ્છા થઈ; પણ વ્રત યાદ આવ્યું. દારૂ પીધા પછી કેફમાં જૂઠું બોલાઈ ગયું તો? તો તો સાચું બોલવાનું વ્રત લીધું છે એ તૂટે. જુગારની ઇચ્છા થઈ, મનને થયું કે એ બધામાં સાચું બોલીને આગળ આવવું મુશ્કેલ છે. પણ ચોરી કરવા ગયા વગર છૂટકો જ ન હતો. ચોરી વગર ખાવું શું? એણે ખૂબ વિચાર કરી જોયો. અંતે નક્કી કર્યું કે ચોરી કરવી, પણ એવી કરવી કે એમાંથી આખી જિંદગી ગુજારો થઈ શકે. એક વાર ચોરી કરી આવીને પછી ઘરમાં બેઠાં બેઠાં ખાવું, બહાર નીકળીએ તો જૂઠું બોલવું પડે ને? ચોરી પણ એવાને ઘરે કરવી જેની પાસે સૌથી વધુ ધન હોય છે. એવો તો કોણ હોય? લાવ, રાજાને ત્યાં જ ખાતર પાડું. એમ કરી એ નીકળ્યો.

રસ્તામાં સિપાઈ મળ્યા. પૂછ્યું : 'અલ્યા, ઊભો રહે, કોણ છે?'

પેલો કહે : 'ચોર છું' એને સાચું બોલવાનું વ્રત હતું ને?

સિપાઈઓએ પૂછ્યું : 'ક્યાં જાય છે?'

પેલો કહે : 'રાજમહેલમાં ચોરી કરવા.'

સિપાઈઓએ કહ્યું કે કોઈ ગાંડો લાગે છે. એમણે એને જવા દીધો. રાજદરબારની દોઢી આગળ પણ એ પ્રમાણે થયું. ચોર રાજમહેલ પાસે આવ્યો. એક બારી ખુલ્લી જોઈ ઉપર ચઢ્યો. બધી ચીજો જોવા લાગ્યો. આ તો મારે શા કામની છે? આને હું શું કરું? આને સંતાડવી ક્યાં? લઈ જાઉં જૂઠું બોલ્યા વગર છૂટકો જ નહિ. છેવટે એક દાબડી એના જોવામાં આવી. ઉઘાડીને જુએ તો અંદર બીજી દાબડી. એમાં જુએ તો સાત રત્નો. ચોરને થયું કે આટલાં બધાં મારે શું કરવાં છે? ચાર બસ છે. અંદરથી ચાર રત્નો લઈ એણે છેડે ખોસ્યાં. ત્રણ દાબડીમાં રહેવા દીધાં ને દાબડી હતી તેમ બંધ કરીને પાછી એને ઠેકાણે મૂકી. બારીએ થઈને ઊતરીને ઘરને રસ્તે પડ્યો.રસ્તામાં એને એક માણસે રોક્યો. રાજા વેશપલટો કરીને નગરચર્યા જોવા નીકળેલો. એણે ચોરને ઊભો રાખ્યો ને પૂછ્યું : 'અલ્યા કોણ છે?'

**પ્રશ્નો**:-(I) ચોરે દારૂ પીવાનું અને જુગાર રમવાનું કેમ છોડી દીધું?

જવાબ) દારૂના નશામાં જૂઠું બોલાઇ ગયું તો પોતે લીધેલું ‘સાચું બોલવાનું’ વ્રત તૂટી જાય અને જુગારરમવામાં સાચું બોલનાર ક્યારેય જીતી ન શકે. આ કારણે ચોરે દારૂ પીવાનું અને જુગાર રમવાનું છોડી દીધું.

(II) ચોરે ક્યાં ચોરી કરવાનું વિચાર્યું?

જવાબ) ચોરે રાજમહેલમાં ચોરી કરવા જવાનું વિચાર્યું.

(III) ચોર ચોરી કરવા જતો હતો ત્યારે તેને કોણ મળ્યું?

જવાબ) ચોર ચોરી કરવા જતો હતો ત્યારે તેને સિપાઇ મળ્યા.

(IV) ચોરને શું કર્યા વગર છૂટકો જ નથી એવું લાગ્યું? કેમ?

જવાબ) ચોરનો મુખ્ય ધંધો ચોરીનો હતો. વળી ચોરી કર્યા વગર શું ખાય? એવા વિચારથી ચોરને લાગ્યું કે ચોરી કર્યા વગર છૂટકો જ નથી.

(V) ચોર મહેલમાંથી શું ચોરી લાવ્યો?

જવાબ) ચોર રાજમહેલમાંથી ચાર રત્નો ચોરી લાવ્યો.

(VI) ‘ખાતર પાડવું’ એટલે શું?

જવાબ) ખાતર પાડવું’ એટલે ચોરી કરવી.

(VII) ચોર ચોરી કરીને પાછો જતો હતો ત્યારે તેને કોણ મળ્યું?

જવાબ) ચોર ચોરી કરીને પાછો જતો હતો ત્યારે તેને રાજા મળ્યા.

**પ્રશ્ન.13 નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. (ગમે તે ત્રણ)** (3×2=6)

(I) રમઝુ મીરની શરણાઈના સૂરની શી વિશેષતા હતી?

જવાબ) રમઝુ મીરની શરણાઈના સૂરની મોહિની એવી હતી કે સાંભળનારને એ મસ્ત બનાવી મૂકતી.એની અસર કાન વાટે સીધી હ્રદય પર થતી અને એનો નશો સીધો મગજમાં પહોંચતો. પ્રાકૃતજનોને આશરણાઈની સુરાવલિ સમજાય કે ન સમજાય પણ મંત્રમુગ્ધ બનીને એ ડોલી ઊઠતાં તો ખરાં જ.

(II) ‘આ રોટલાનું વૈતરું શું કામ?’ લેખકના આ પશ્નનો પ્રત્યુત્તર શો મળે છે?

જવાબ) ‘આ રોટલાનું વૈતરું શું કામ?’ લેખકના આ પ્રશ્નનો ઉત્તર આપતાં અમથીમા હળવાશથી કહે છે કે : ‘હું ધરાઈ જાઉં પણ આ સામે બેઠી કાળવી અને ગોરવી હમણાં આવશે...એ બંનેને મારે શો જવાબ આપવાનો?’

(III) દીપક કેવી રીતે ઘવાયો?

જવાબ) રાષ્ટ્રધ્વજ ચડાવવા દીપક અગાશીએ ચડ્યો. બાપુ એને દેખી જશે એ બીકે ઉતાવળ કરવા ગયો અને પડી ગયો.આ રીતે દીપક ગંભીર રીતે ઘવાયો.

(IV) તાજમહેલ વિશે લેખક શું કહે છે?

જવાબ) તાજમહેલ વિશે લેખક કહે છે કે એક માણસ ચૌદમી ડિલિવરીમાં મરી ગયેલી પોતાની બૈરી પાછળ આ રીતે પૈસા બરબાદ કરે તે વાત જ તેમને પસંદ નથી. બીજો કોઈ સમજુ માણસ હોય તો બૈરી પાછળઆખું આગ્રા શહેર જમાડે કે પછી તેની યાદમાં તાજમહેલ જેવી કોઈ હોટલ બાંધે....લાખ્ખો રૂપિયા ખરચીને તેણે બાંધી તો એક કબર જ ને!

(V) જેઠીબાઈના કારખાનાનો માલ કયા કયા દેશમાં જતો હતો?

જવાબ) દીવ બંદરેથી જેઠીબાઈના કારખાનાનો માલ પરદેશ જતો હતો. એમનો માલ યુરોપ, ઈરાન અને જંગબાર-મોઝામ્બિક સુધી જતો હતો.

(VI) પારવતીબાનું ઘર કેવું હતું?

જવાબ) પારવતીબાનું ઘર ગ્રામ્ય પરિવેશનું હતું. ઉગમણું બારણું હતું. ગારમાટીનું ચણતર હતું. જમણા હાથ તરફ ની ભીંત પડી ગઈ હતી. ઓસરીમાં ગારનાં પોરાં ઉખડતાં હતાં.

નોંધ :- (વિષયવસ્તુ – ૧.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

**પ્રશ્ન-14 નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો. (ગમે તે બે)** (2×3=6)

(I) રમઝુ મીરનું પાત્ર ‘શરણાઈના સૂર’ કૃતિમાં કેવી રીતે જીવંત બને છે? સમજાવો.

જવાબ) રમઝુ મીર શરણાઈવાદક છે. ભરજુવાનીમાં પત્નીનું અવસાન થતાં એને બે વરસની માવિહોણી બાળકીની માતા થવું પડેલું. રમઝુએ સકીનાને સગી મા કરતાંય સવાયા હેતથી મોટી કરી. તે માતા તેમજ પિતાના એમ બેવડા વાત્સલ્યથી પુત્રીનું લાલનપાલન કરતો હતો. એને દુનિયામાં બે જ પાત્રોસાથે આત્મીયતા બંધાઈ ગઈ હતી : એક તો કુટુંબમાં પેઢી-દર-પેઢી વારસામાં મળતી આવતી શરણાઈ અને બીજી મૃત પત્નીના સંભારણારૂપે સાંપડેલી સૂરજમુખીના ફૂલ જેવી સકીના. આથી કોમના માણસોએ ફરી નિકાહ પઢવાનો બહુ બહુ આગ્રહ કરવા છતાં જુવાન મીર પોતાના નિર્ણયમાં મક્કમ રહ્યો હતો. શરણાઈ અને સકીના એની જિંદગીમાં તાણાવાણાની જેમ વણાઈ ગયાં હતાં. રમઝુ તેને ચોવીસ કલાક પોતાની સાથે જ ફેરવતો.શરણાઈ એના માટે કેવળ રોટલો રળવાનું જ સાધન નહોતું,વિદેહી જીવનસંગાથિની સાથે સાંનિધ્ય અનુભવવાનું, એના જીવનબીન સાથે એકસૂર એકતાલ એકરસ બનવાનું જીવતુંજાગતું વાદ્ય હતું. સકીનાને સાસરિયે મોકલ્યા પછી આઠમે દિવસે એનું ભેદી મૃત્યુ થયું. રમઝુ મીરે બમણો વિયોગ અનુભવ્યો. એની ચિત્તભ્રમ જેવી દશા થઈ ગઈ. ગવરીના વિદાયપ્રસંગે ઢોલન દાંડી સાથે રમઝુ મીરે શરણાઈના સૂર છેડ્યા. તેને પોતાની દીકરી સકીના યાદ આવી. તે શરણાઈ વગાડવામાં અને પોતાના દિલમાં ભરેલી વેદના વ્યક્ત કરવામાં ગુલતાન બન્યો. તળશી વેવાઈએ ત્રણ ત્રણ વાર દાદ આપવા છતાં રમઝુએ શરણાઈ બંધ કરી નહિ. કબ્રસ્તાન આવતાં જ દાદમાં મળેલી રકમ ગવરીને આપી રમઝુ કબ્રસ્તાનમાં દાખલ થઈ જાય છે ત્યારે કૃતિમાં એક અલગ જ ચમત્કૃતિ સર્જાય છે.

અત્યાર સુધી સૌને જે રમઝુ લાલચુ જણાતો તેમાં એક આદર્શ પિતાના દર્શન થતા દેખાય છે.

આમ, રમઝુ મીર આદર્શ પિતા અને કુશળ શરણાઈવાદક તરીકે જીવંત બની જાય છે.

(II) ‘સૂરજ તો બધે જ સરખો’ પાઠ મુજબ પ્રવાસીઓના વર્તન પરથી માનવસ્વભાવ અંગે શું સમજાય છે?

જવાબ) ‘સૂરજ તો બધે જ સરખો’ પાઠમાં માનવસ્વભાવની વિચિત્રતાઓ અને એની ટેવો તરફ લેખકે આપણું ધ્યાન દોર્યું છે. માણસ જોવાલાયક, હવાખાવાનાં સ્થળોના પ્રવાસે જાય છે. માણસે આવાં સ્થળોની ખાસિયતો જાણવી જોઇએ. આવાં સ્થળોનું સૌંદર્ય માણવું જોઇએ. આવાં સ્થળોની ઐતિહાસિક માહિતી મેળવવી જોઇએ, પરંતુ માનવસ્વભાવ વિચિત્ર છે. આવાં સ્થળોએ તે ખાણીપીણીની જ વાત કરે છે. ક્યા સ્થળે કઇ વાનગીનો ટેસ્ટ કરવો જોઇએ એની જ વાતો કહે છે. આગ્રામાં તેને દાળવડાંવાળો દેખાય છે, માથેરાનમાં તેને પુરોહિતવાળાની હોટલ દેખાય છે, દાર્જિલિંગમાં તેને દહીંવડાંવાળો દેખાય છે. એને તાજમહેલનું સૌંદર્ય જો વામાં રસ નથી,

મહાબળેશ્વરનો ગાંડો કરી મૂકે એવો સૂર્યોદય જોવામાં રસ નથી. આવા પ્રવાસીઓને માટે બધાં સ્થાન સરખાં જ હોય છે.

(III) ‘ઝબક જ્યોત’ એકાંકીમાં માતાના હ્રદયમાં ઉદ્‌ભવતી વેદના કેવી રીતે દર્શાવવામાં આવી છે? સમજાવો.

જવાબ) દીપક આઠ વર્ષનો બાળક છે. તે સ્વાતંત્ર્યના રંગે રંગાયેલો છે. પોતાના જ ઘરની અગાશીમાં રાષ્ટ્રધ્વજ ચડાવતાં પડી જાય છે અને ગંભીર રીતે ઘાયલ થાય છે. દીપક પોતાના ઘરના પલંગમાં તાવથી ધગધગે છે. એની આસપાસ એના પિતા, ડૉક્ટર વગેરે વ્યાકુળ ચિત્તે બેઠા છે. પરંતુ દીપકની માતા મેના તેના ઓશીકા પાસે જ બેઠી છે. તેની આંખમાં આંસુ છે. તે દીપકને શાંત રહેવા અને સૂઈ જવા કહે છે. તે તેના માથા પર હાથ ફેરવે છે. તે દીપકના દરેક પ્રશ્નનો હળવાશથી ઉત્તર આપે છે. દીપક બરાબર નવના ટકોરે તેને ઉઠાડવાનું કહે છે અને પછી કાંઇ બોલતો નથી ત્યારે મેનાબહેનની આંખોમાંથી આંસુની ધારાઓ વહે છે. ડૉક્ટર મેનાબહેનને ઈશ્વર પર શ્રદ્ધા રાખવાનું કહે છે ત્યારે મેનાબહેન ડૉક્ટરને પૂછે છે : ‘ડૉક્ટર, તમારે દીકરો છે?’ આ પ્રશ્નમાં માતૃહ્રદયની વેદના વ્યક્ત થતી દેખાય છે. દીપક ઘડિયાળના નવના ટકોરે ઝબકીને જાગી જાય છે. ગાંધીજીને જેલમાં કાગળ લખવાનું નહિ ચૂકતી એમ કહી આંખો મીંચી દે છે ત્યારે માતા મેનાબહેનનો અવાજ ફાટી જાય છે અને એ દીપકના શરીર પર ઢગલો થઈ જાય છે.

આમ,સમગ્ર એકાંકીમાં મેનાબહેનના હ્રદયમાં ધરબાયેલું માતૃત્વ અને પોતાના દીકરાના મૃત્યુથી ઉદ્‌ભવતી વેદના વારેઘડીએ ડોકાતી જોવાતી મળે છે.

(IV) બલાઈને પ્રકૃતિ પ્રત્યે કેવો અનોખો લાગણીસભર લગાવ હતો? સમજાવો.

જવાબ) બલાઇને પ્રકૃતિ પ્રત્યે સ્વજન જેવી ઊંડી લાગણી છે. ઢોળાવ પરના ઘાસ જોઇને તેનું મન પ્રસન્ન થઇ જાય છે. તેને ઘાસના પુંજમાં ગબડવાની મજા પડે છે. કોઇ છોડનું ફૂલ તોડે, છોકરા કાતરા પાડવા ઝાડ પર પથરા ફેંકે કે મજૂરો ઘાસ કાપે તે જોઇ તે કશું કહી શકતો નહિ પરંતુ ઊંડી વ્યથા અનુભવે છે. બગીચામાં શીમળાના વૃક્ષનો અંકુર ફૂટેલો જોઇ તે તેની માવજત કરે છે. તે તેને પોતાના હાથે દરરોજ થોડું પાણી પાય છે. તેની પર્ણસમૃદ્ધિ જોઇ તેને તે અદ્‌ભુત વૃક્ષ લાગે છે .તેનું તે પ્રિય વૃક્ષ બની જાય છે. વિલાયતી ઢબે શિક્ષણ લેવા તેના પિતા તેને સિમલા લઇ જાય છે. બે વર્ષ પછી તે તેની કાકીને તેના પ્રિય શીમળાના વૃક્ષનો એક ફોટોગ્રાફ મોકલી આપવા માટે પત્ર લખે છે. તે પોતાના મિત્ર(શીમળા)નો ફોટો વિલાયત સાથે લઇ જવા ઇચ્છે છે. આમ, સમગ્ર વાર્તામાંથી આપણને જાણવા મળે છે કે બલાઈને પ્રકૃતિ પ્રત્યે એક અલગ જ પ્રકારનો લગાવ હતો.

નોંધ :- (વિષયવસ્તુ – ૨.૫, જોડણી, ભાષાશુદ્ધિ-૦.૫)

(Effective writing Skill)

**પ્રશ્ન-15 નીચે આપેલા વિષયના મુદ્દા પરથી <u>કોઈપણ એક</u> વિષય પર ૧૨૦ શબ્દોમાં અનુચ્છેદ લખો.**

(1×5=5)

(I) **મારી દૃષ્ટિએ ભવિષ્યનું ભારત:- મુદ્દા** – પ્રસ્તાવના - ભારતની વિશેષતા – એનો ઈતિહાસ – સુવર્ણકાળ – ચડતી પડતી – યુગબદલાવ – હાલનુ ભારત - ભવિષ્યનું ભારત- ઉપસંહાર.

(II) **એક સંગ્રહાલયની મુલાકાતે** :- **મુદ્દા** – પ્રસ્તાવના- સંગ્રહાલયનું મહત્ત્વ – સંસ્કૃતિનું દર્શન – જાળવણીની રીતો – પ્રકાર – વસ્તુઓની વિશેષતા – મુલાકાતની અસર - ઉપસંહાર.

| | |
|---|---|
| - પ્રસ્તાવના | 0.5 |
| - વિષયવસ્તુ | 02 |
| - ભાષાઅભિવ્યક્તિ | 01 |
| - ભાષાશુદ્ધિ અને વાક્યરચના | 01 |
| - ઉપસંહાર | 0.5 |

⁎ નીચેના મુદ્દા ધ્યાનમાં રાખીને અનુચ્છેદ લખવો.

- વિષયની પસંદગી
- શરૂઆત : આકર્ષક, સ્વાભાવિક અને સચોટ
- કાવ્યપંક્તિ, સુભાષિતો કે અવતરણો આવકાર્ય છે.
- વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી.
- સુંદર, સુવાચ્ય અક્ષર, જોડણીશુદ્ધિ અને ભાષાશૈલી વિશે ધ્યાન રાખવું.

**પ્રશ્ન**- 16 **નીચે આપેલા મુદ્દા પરથી બોધ અને શીર્ષક સાથે વાર્તાલેખન લખો.** (1×6=6)

**મુદ્દા**- એક શિલ્પી – સુંદર મૂર્તિઓ બનાવે – લોકોમાં પ્રખ્યાત – અભિમાન આવે – મૃત્યુ નજીક – યમરાજનો દૂત આવે – એક સરખી ૧૧ મૂર્તિ – દૂત મૂંઝાય – દૂતની યુક્તિ – શિલ્પી બોલે – પકડાય.

- શીર્ષક : ઉચિત અને અર્થપૂર્ણ હોવું જોઈએ.
- બોધ : વાર્તાને અનુરૂપ હોવો જોઈએ.

| | |
|---|---|
| - ભાષાશૈલી અને ભાષાશુદ્ધિ | 01 |
| - વિષયવસ્તુ અને રસપ્રદ વર્ણન | 03 |
| - શીર્ષક | 01 |
| - બોધ | 01 |

⁎ આપેલા મુદ્દાઓને આધારે પોતાની મૌલિકતાથી વાર્તાનો વિસ્તાર કરવો.

⁎ નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખવા.

- વાર્તા આપેલા મુદ્દાઓને અનુરૂપ હોવી જોઈએ.
- વાર્તા મોટેભાગે ભૂતકાળમાં લખવી.
- ભાષા સરળ અને પ્રવાહી
- રસપ્રદ લખાણ જરૂરી
- મુખ્ય પાત્ર, પ્રસંગ કે ઉદ્દેશ પરથી યોગ્ય શીર્ષક અને બોધ લખવો.

**પ્રશ્ન**-17 **નીચે આપેલા વિષય પરથી પત્ર લેખન <u>અથવા</u> તો સચિત્ર જાહેરાત બનાવીને લખો.** (1×5=5)

(A) તમારા વિસ્તારમાં રખડતાં કૂતરાંઓનો ખૂબ ત્રાસ છે. તો તે અંગે પગલાં લેવા માટે વિનંતી કરતો પત્ર

વડોદરાના
મ્યુનિસિપલ કમિશનરને લખો.

- સરનામું અને તારીખ 01
- સંબોધન અને અભિવાદન 01
- વિષયવસ્તુ અને ભાષાશુદ્ધિ 02
- સમાપન અને લિખિતંગ 01

* નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પત્રલેખન કરવું.

- પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ એટલે કે ડાબી બાજુએ (International Method) લખવું. નવી પદ્ધતિ પ્રમાણે લેખન કરવું.
- પત્રલેખનમાં સ્વાભાવિકતા જરૂરી છે.
- પત્રની ભાષા સરળ અને શુદ્ધ હોવી જોઈએ.
- વિષયનું માહિતીપ્રદ વર્ણન આવશ્યક
- કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યાવસાયિક કે સરકારી પત્રોમાં વિવેકપૂર્ણ ભાષા, સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી

* ખાસ નોંધ : પ્રશ્નપત્રમાં જો પ્રેક્ષક કે પ્રતિમાંથી કોઈનું નામ કે સરનામું આપ્યું ન હોય તો વિદ્યાર્થીએ પોતાની આગવી ઓળખ થાય એવું નામ કે સરનામું લખવું નહીં.

**<u>અથવા</u>**

(B) સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત - અભિયાનની સચિત્ર જાહેરાત લખો.

- ચિત્રાત્મક રજૂઆત 01.5
- સૂત્રાત્મક રજૂઆત 01
- સમગ્ર પ્રસ્તુતિકરણ 2.5

* નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને જાહેરાત કરવી

- ચિત્રાત્મક રજૂઆત
- ગુણવત્તાલક્ષી મુદ્દાઓની સચોટ છણાવટ
- ટૂંકી અને આકર્ષક રજૂઆત
- દમદાર સૂત્ર દ્વારા અસરકારક રજૂઆત

******************************************